# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલનો આજે મુખ્યમંત્રીના હસ્તે દબદબાભેર આરંભ થશે.**
2. **ગુજરાતના જંગલો અને અરવલ્લી પહાડીઓના રક્ષણ માટે સરકાર કટિબદ્ધ હોવાનુ જણાવતા વન મંત્રી અર્જુન મોઢવાડિયા.**
3. **ડ્ર્ગ્સ વેચનારા સામે કોઇ માનવતા ન દાખવવા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીનું પોલીસને સૂચન.**
4. **પોરબંદરના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળે દિલ્હીમાં કેન્દ્ર સરકાર સમક્ષ રોડ, રેલવે અને હવાઇ સેવા વધારવા અંગેની રજૂઆત કરી.**
5. **આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડી ઘટે તેવી આગાહી.**
6. **રાજ્યની વિવિધ ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સાથે નાતાલના પર્વની ઉજવણી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# KANKARIY KARNIVAL

અમદાવાદથી આજે કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થશે. 31 ડિસેમ્બર સુધી ચાલનારા આ કાર્યક્રમનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે ઉદઘાટન કરશે.

અમદાવાદ મહાનગર પાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ કહ્યું હતું કે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજયપીના જન્મદિને આ કાર્નિવલ દર વર્ષે યોજાઇ રહ્યો છે.

આ વખતે કાંકરિયા કાર્નિવલમાં વિશેષ આકર્ષણ જોવા મળશે તેમ દેવાંગ દાણીએ જણાવ્યુ હતું.

## બાઇટ- દેવાંગ દાણી

---

# ARVALLI MODHWADIA

ગુજરાતના જંગલો અને અરવલ્લી પહાડીઓના રક્ષણ માટે રાજ્ય સરકાર હરહંમેશ કટિબદ્ધ હોવાનુ વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.

રાજ્યના અરવલ્લી પર્વતમાળા વિસ્તારમાં આજ સુધી ક્યારેય ખનન કે વ્યાપારી પ્રવૃત્તિઓને મંજૂરી આપી નથી અને ભવિષ્યમાં પણ આપવામાં નહીં આવે તેમજ અરવલ્લી પર્વતમાળાના સંરક્ષણ માટે સુપ્રીમ કોર્ટના આદેશોનું રાજ્ય સરકાર ચુસ્તપણે પાલન કરશે, તેમ પણ તેમણે કહ્યું હતું.

## બાઇટ- અર્જૂન મોઢવાડિયા, વન અને પર્યાવરણ મંત્રી

---

## HARSH SANGHVI ON CRIME CONFERENCE

ગાંધીનગર ખાતે આયોજીત રાજ્યની પોલીસ માટેની બે દિવસિય ક્રાઇમ કોન્ફરન્સનું ગઇકાલે સમાપન થયુ હતુ.

સમાપન સત્રને સંબોધતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોલીસને ડ્રગના દૂષણને જડમૂળથી નાબૂદ કરવા અપીલ કરી હતી તેમણે કહ્યું હતું કે ડ્રગ્સ વેચનારા ઉપર કોઇ માનવતા દાખવવાના દાખવવી જોઇએ .

**બાઇટ- હર્ષ સંઘવી , ગૃહરાજ્ય મંત્રી**

---

## DRUGS DRIVE

રાજ્યમાં નશાકારક પદાર્થોન ઝડપવા માટે ગુજરાત પોલીસ દ્વારા આક્રમક રીતે કામગીરી થઇ રહી છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચના સંયુકત પોલીસ કમિશનર શરદ સિંઘલે જણાવ્યુ કે , છેલ્લા દસ દિવસમાં અમદાવાદમાં નશાકારક પદાર્થોનું સેવન કરનારા અને વેચનારા 25 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં છે.

**બાઇટ- શરદ સિંઘલ, સંયુક્ત પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાંચ**

સુરતમાં પણ પોલીસે **NDPS** ડ્રાઈવ કરીને કાર્યવાહી કરી છે. ડિસેમ્બર માસમાં આજદિન સુધીમાં **25 NDPS** કેસ કરીને 25 જેટલા આરોપીની ધરપકડ થઈ ચૂકી હોવાનું સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યુ હતું.

**બાઇટ- બાઈટ -અનુપમસિંહ ગેહલોત -કમિશનર સુરત પોલીસ**

---

# PORBANDAR

પોરબંદર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ મંડળે , દિલ્હીમાં કેન્દ્ર સરકારના ઉડયન મંત્રી , રેલવે મંત્રી તથા પરિવહન મંત્રીને મળી જિલ્લાના વિકાસને અડચણરૂપ થતા પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. પોરબંદરના સાંસદ ડૉક્ટર મનસુખભાઈ માંડવીયા અને ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા પણ સાથે જોડાયા હતા.

જેને પગલે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પોરબંદરના ત્રણ નેશનલ હાઇવે અને પોરબંદર બાયપાસના સર્વિસ રોડના કામને તથા બંદરને જોડતા પુલ અને રોડને ચારમાર્ગીય કરીને , અપગ્રેડ કરી તેના જર્જરીત પુલની જગ્યાએ નવા પુલો માટે તાકીદે મંજૂરી આપવા માટે વિભાગને સૂચનાઓ આપી દીધી હતી.

ઉડયન મંત્રી ચંદ્રમોહન નાયડુએ પોરબંદરથી અમદાવાદ સીધી ફ્લાઇટ અંગે ખાતરી આપી હતી.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોરબંદરના ઔદ્યોગિક વિકાસ માટે રેલવેને લગતા મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ નું આયોજન પણ હાથ ધરાશે તેવી ખાતરી આપી હતી.

---

## SURENDRANGAR ED DARODA

સુરેન્દ્રનગરમાં ઇડીના દરોડા બાદ ધરપકડ કરાયેલ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની વધુ તપાસ માટે 1 જાન્યુઆરી સુધીના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે.

સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિત ૪ થી ૫ સ્થળોએ ઈડીએ દરોડા પડ્યા હતા. તપાસની કામગીરી બાદ કથિત જમીન કૌભાંડ મામલે નાયબ મામલતદારની ધરપકડ કરવામાં આવી હતી. તેમના નિવાસસ્થાનેથી 67 લાખ રૂપિયાથી વધુની રકમ પણ મળી આવી હતી.

ધરપકડ બાદ ઇડી દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટ દ્વારા 1 જાન્યુઆરી સાંજના પાંચ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

---

## CAT RESULTS

દેશની અલગઅલગ આઇઆઇએમમાં પ્રવેશ માટે લેવાતી કેટની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં રાજ્યના બે વિદ્યાર્થીઓ સો ટકા પર્સેન્ટાઇલ સાથે દેશના પહેલા બારમાં સ્થાન મેળવ્યું છે.

---

## SURENDRANAGAR SANSAD KHEL MAHOTSAV

સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં 'સુશાસન દિવસ'ની ઉજવણી નિમિતે સાંસદ ખેલ મહોત્સવ-2025નું આયોજન કરવામાં આવ્યું છે. એમ.પી. શાહ કોમર્સ કોલેજ ખાતે ગઇકાલે શરૂ થયેલ આ દ્વિ-દિવસીય રમત મહોત્સવમાં વોલીબોલ, કબડ્ડી અને

રસ્સાખેંચ જેવી સ્પર્ધાઓમાં જિલ્લાની યુવા પ્રતિભાઓ પોતાનું કૌશલ્ય બતાવી રહી છે.

ખેલ મહોત્સવનો શુભારંભ કરાવતા સાંસદ ચંદુભાઈ શિહોરાએ ખેલાડીઓને સંબોધતા જણાવ્યું હતું કે , "ફિટ યુથ ફોર વિકસિત ભારત" ના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે આ આયોજન એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે. આ મહોત્સવમાં 70થી વધુ ટીમો અને 500થી વધુ ભાઈ-બહેનો ભાગ લઈ રહ્યા છે

---

## WEATHER

રાજ્યના વાતાવરણમાં કોઇ મોટો ફેરફાર થશે નહી  તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કહ્યુ હતું કે આગામી દિવસોમાં પવનની દિશા બદલાતા તાપમાનમાં એકથી બે ડિગ્રી વધારો થશે

**BYT : અભિમન્યુ ચૌહાણ, હવામાન વૈજ્ઞાનિક**

---

## CHRISTMAS

રાજ્ય સહિત  દેશભરમાં આજે નાતાલની ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે.

દેશભરના ચર્ચોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. નાતાલ  એ, ખ્રિસ્તી સમુદાયનો સૌથી મોટો તહેવાર છે  ,જે  પ્રભુ  ઈસુ ખ્રિસ્તના જન્મની ઉજવણીરૂપે મનાવવામાં આવે છે.

---

# KUTCH VIBRANT SUMMIT

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ અંતર્ગત કચ્છ જિલ્લાના ડિસ્ટ્રીક્ટ લેવલ વાઈબ્રન્ટ પ્રોગ્રામનું આયોજન આગામી બીજી  જાન્યુઆરી, ના રોજ ગાંધીધામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીધામ ખાતેના જિલ્લાકક્ષાના વાઈબ્રન્ટ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓને લઈને કચ્છ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સમગ્ર ઈવેન્ટનું આયોજન, મહાનુભાવોની મુલાકાત, મીનીટ ટુ મીનીટ પ્રોગ્રામ, વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની સહભાગીતા, નોલેજ સેગમેન્ટ સેમિનાર, ઔદ્યૌગિક એકમો અને કર્મશિયલ એકમો દ્વારા એક્ઝિબિશન તેમજ એમઓયુ અંગેના આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.

ગત વર્ષે ગાંધીધામ ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમમાં કુલ 139 **MSME** એકમો સાથે 3 હજાર 370ના કરોડના **MoU** સાઈન થયા હતા.

---

# AMC DEGITALIZATION

ડિજીટલ ઇન્ડિયાના ભાગરૂપે અમદાવાદ મહાનગર પાલિકા ગુજરાતની પ્રથમ ડિજીટલયુક્ત મહાનગરપાલિકા બનશે.

અમદાવાદ મહાનગર પાલિકાના સ્ટેન્ડિગ કમિટીનાં ચેરમેન દેવાંગ દાણીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે સામાન્ય સભામાં કોર્પોરેટરની બેઠકો પર

ટેબલેટ મૂકવામાં આવશે , પરિણામે AMCના એજન્ડાનું વાંચન ટેબલેટ દ્વારા કરી શકાશે.

AMCનો આ નિર્ણય કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવા અને પેપરનો બચાવ કરવા તેમજ પર્યાવરણને બચાવવાના ઉદ્દેશ્યથી લેવાયો છે.

---

## ARVALLI -WORKSHOP

અરવલ્લી જિલ્લા સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત મોડાસાના બાબા સાહેબ આંબેડકર હૉલ ખાતે જિલ્લા કક્ષાની કાર્યશાળા યોજાઈ. જેમાં જિલ્લાની પ્રગતિ માટે વિચારવિમર્શ કરવામાં આવ્યો.

જિલ્લા વિકાસ અધિકારી દિપેશ કેડિયાએ જણાવ્યું કે , સુશાસનનો ખરો અર્થ લક્ષાંકને પૂરા કરવાનો નહીં છેવાડાના લોકોને ખરા અર્થમાં લાભ પૂરા પાડી તેમના જીવનને ઉત્કૃષ્ઠ બનાવવાનો છે.

---